# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 13-05-2024 Evening : 7.50 to 8.00
Day : Monday National News

### આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

**************************************************

- નવ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં 96 લોકસભા બેઠકો માટે ચોથા તબક્કાની ચૂંટણીમાં એકંદરે 62 ટકા મતદાન.
- લોકસભા ચૂંટણીનાં બાકીનાં ત્રણ તબક્કા માટે પ્રચાર વેગવાન બન્યો..
- CBSE નું ધોરણ 10 અને 12નું પરિણામ જાહેર- બારમા ધોરણનું 87.98 ટકા અને દસમા ધોરણનું 93.60 ટકા પરિણામ.
- ભારત અને ઇરાન વચ્ચે ચાબહાર પોર્ટની કામગીરી માટે લાંબા ગાળાનાં કરાર પર હસ્તાક્ષર.
- મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાં સલામતી દળો સાથેની અથડામણમાં બે મહિલા સહિત ત્રણ નક્સલવાદીઓ ઠાર.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ 25મેને વિશ્વ ફુટબોલ દિવસ તરીકે જાહેર કર્યો..

****************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# FOURTH-PHASE-ELECTION

નવ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં 96 લોકસભા બેઠકો માટે ચોથા તબક્કામાં યોજાયેલી ચૂંટણીમાં સાંજે પાંચ વાગ્યા સુધીમાં એકંદરે 62 ટકા મતદાન થયું છે. ચૂંટણી પંચની યાદી પ્રમાણે, પશ્ચિમ બંગાળમાં 76 ટકા, મધ્યપ્રદેશ અને આંધ્રપ્રદેશમાં 68, ઝારખંડ અને ઓડિશામાં 63, તેલંગાણામાં 61, ઉત્તરપ્રદેશમાં 56, બિહારમાં 54, મહારાષ્ટ્રમાં 52 અને જમ્મુ કાશ્મીરમાં 36 ટકા મતદાન નોંધાયું છે.

ઉલ્લેખનીય છે કે, આ બેઠકોમાં આંધ્રપ્રદેશની 25, તેલંગાણાની 17, ઉત્તરપ્રદેશની 13, મહારાષ્ટ્રના 11, મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળની 8-8, ઝારખંડ અને ઓડિશાના 4-4 અને કેન્દ્રશાસિત જમ્મુ કાશ્મીરની એક બેઠકનો સમાવેશ થાય છે. ચોથા તબક્કાનાં કુલ એક હજાર 717 ઉમેદવારો મેદાનમાં છે.

આજે ઇવીએમમાં જેમનું રાજકીય ભાવિ સીલ થયું તેવા મહત્વના રાજકીય નેતાઓમાં ભાજપના નેતાઓ ગિરિરાજ કિશોર, અર્જુન મુંડા, જી કિશન રેડ્ડી, અજય કુમાર મિશ્રા, જેડીયુના રાજીવ રંજન સિંહ, સપાના અખિલેશ યાદવ, કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરી, તૃણમુલ કોંગ્રેસના મહુઆ મોઇત્રા અને AIMIMના અસદુદ્દીન ઓવૈસીનો સમાવેશ થાય છે.

એક લાખ 92 હજાર મતદાન મથકો માટે 19 લાખથી વધુ અધિકારીઓને ફરજ નિયુક્ત કરવામાં આવ્યા છે. ચોથા તબક્કામાં 18 કરોડથી વધુ મતદારો મતાધિકાર માટે માન્ય છે.

ચૂંટણી પંચે સરળતાથી મતદાન પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે પૂરતી વ્યવસ્થા કરી હતી. મતદાન મથકોમાં પાણી, શેડ, રેમ્પ, સ્વયંસેવકો અને વ્હિલચેર સહિતની સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી.

આ સાથે ચાર તબક્કામાં મળીને કુલ 379 બેઠકો પર મતદાન પૂરું થઈ ચૂક્યું છે. લોકસભા ઉપરાંત આજે આંધ્રપ્રદેશ વિધાનસભાની તમામ 175 બેઠકો અને ઓડિશા વિધાનસભાની પ્રથમ તબક્કાની 28 બેઠકો માટે પણ મતદાન યોજાયું હતું.

દરમિયાન, હૈદરાબાદ બેઠકના ભાજપના ઉમેદવાર કે. માધવીલતા વિરૂધ્ધ કેટલીક મહિલા મતદારોની ઓળખ ચકાસણી કરવા બદલ એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી. હૈદરાબાદના ડીઇઓ રોનાલ્ડ રોઝે માધવીલતા વિરૂધ્ધ કેસ નોંધવાનો આદેશ આપ્યો હતો. તો ભાજપે તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવન્થ રેડ્ડી વિરૂધ્ધ આચારસંહિતા ભંગ બદલ ચૂંટણી સત્તાવાળાઓ સમક્ષ ફરિયાદ કરી હતી.

દરમિયાન, ચૂંટણી પંચે આજે બિરભુમ લોકસભા બેઠકના બુથ નંબર 25ના પ્રિસાઇડિંગ અધિકારીને દૂર કર્યા હતા. એક વ્યક્તિ વારંવાર બુથની અંદર જઈને મતદારોને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરતો હોવાનું વેબકાસ્ટિંગમાં ધ્યાનમાં આવ્યા છતાં પ્રિસાઇડિંગ અધિકારીએ કોઇ પગલાં લીધા નહતા. ઉલ્લેખનીય છે કે ચૂંટણી પંચ લોકસભા ચૂંટણીમાં તમામ બુથનું વેબકાસ્ટિંગ કરી રહ્યું છે.

# POLL-CAMPAIGNING

લોકસભા ચૂંટણીનાં બાકીનાં ત્રણ તબક્કા માટે પ્રચાર વેગવાન બન્યો છે. વરિષ્ઠ રાજકીય નેતાઓ પોતાનાં પક્ષ માટે મતદારોને ટેકો જાહેર કરવા વિવિધ રાજ્યોમાં જાહેર સભાઓ સંબોધી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રીએ વારાણસીમાં રોડ-શો યોજ્યો હતો. છ કિલોમીટર લાંબા રોડ શોમાં લોકો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા. તેમણે આ પવિત્ર નગરીમાં પંડિત મદનમોહન માલવિયની પ્રતિમાને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમની સાથે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ઉપસ્થિત રહ્યા હતા. વારાણસીના વર્તમાન સાંસદ અને આ લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી મોદી આવતીકાલે ઉમેદવારીપત્ર ભરશે.

દરમિયાન, શ્રી નરેન્દ્ર મોદીએ બિહારના હાજીપુર, મુઝફ્ફરપુર અને સારનમાં જાહેર સભા સંબોધીને દેશનાં વિકાસ માટે પોતાનો મત આપવા વિનંતી કરી હતી. તેમણે જણાવ્યું કે, એનડીએ સરકાર હેઠળ ભારતીય અર્થતંત્ર વૃધ્ધિ કરી રહ્યું છે અને વધુ રોજગારીનું સર્જન થયું છે. તેમણે આરજેડી અને કોંગ્રેસ પર તૃષ્ટિકરણનો આરોપ મૂક્યો હતો.

તેમણે આક્ષેપ કર્યો હતો કે, બંને પક્ષોનાં નેતાઓ તેમની આગામી પેઢી માટે સંપત્તિ એકત્ર કરવામાં વ્યસ્ત હોવાથી લોકોનાં કલ્યાણ માટે ક્યારેય કામ નહીં કરે. અગાઉ શ્રી મોદીએ પટણા શહેરમાં તખ્ત શ્રી હરમિન્દર જી પટણા સાહિબની મુલાકાત લીધી હતી.

તો ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે મહારાષ્ટ્રનાં ધૂળેમાં રેલીને સંબોધતા જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીની આગેવાનીમાં એનડીએ સરકાર સત્તા પર આવશે તો ભારત ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે.

તેમણે જણાવ્યું કે, કોંગ્રેસનાં 10 વર્ષનાં શાસનમાં ભારતીય અર્થતંત્ર 11મા સ્થાને હતું. જ્યારે એનડીએ સરકાર તેને પાંચમા ક્રમે લઈ આવ્યું છે.

દરમિયાન, કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ આજે ઉત્તરપ્રદેશનાં રાયબરેલી ખાતે જાહેર સભાને સંબોધી હતી. તેમણે વચન આપ્યું હતું કે, જો ઇન્ડિ ગઠબંધન સત્તામાં આવશે તો તે સૌપ્રથમ ગરીબ ખેડૂતોની લોન માફ કરશે.

કોંગ્રેસનાં નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ અમેઠીમાં જાહેર સભાને સંબોધન કર્યું હતું.

દરમિયાન, પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ કૉંગ્રેસ સામે પ્રહાર કરતા દાવો કર્યો કે કૉંગ્રેસે ક્યારેય વિકાસને પ્રાથમિકતા આપી નથી, પરંતુ મત મેળવવા માટે તૃષ્ટિકરણ પર ધ્યાન કેન્દ્રીત કર્યું. શ્રી મોદીએ કહ્યું કે ભાજપના વિકાસલક્ષી શાસનનાં પરિણામે જ અગાઉ બિમાર કહેવાતા રાજ્યો હાલમાં વિકાસ કરી રહ્યા છે.

ખાનગી અખબારને આપેલા ઇન્ટરવ્યૂમાં શ્રી મોદીએ દાવો કર્યો કે ભાજપ સરકારની યોજનાઓથી લાખો લોકોને ફાયદો થયો, ગરીબોનો ઘર મળ્યા, યુવાનોને તક મળી અને મહિલાઓ સશક્ત બની. શ્રી મોદીએ ઇન્ડી ગઠબંધનની તૃષ્ટિકરણની નીતિની ટીકા કરી હતી.

દરમિયાન, ભાજપના નેતા અને કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ સિંહ ઠાકુરે આજે હિમાચલ પ્રદેશના હમીરપુર સંસદીય મતવિસ્તારમાંથી ઉમેદવારીપત્ર ભર્યું હતું. શ્રી ઠાકુર આ સંસદીય મતવિસ્તારમાંથી સતત ચાર વખત ચૂંટણી જીત્યા છે અને હવે પાંચમી વખત આ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.

શિમલા બેઠક પરથી ભાજપના ઉમેદવાર અને વર્તમાન સાંસદ સુરેશ કશ્યપે પણ આજે ઉમેદવારી પત્ર ભર્યું હતું. કોંગ્રેસના ઉમેદવાર વિનોદ સુલતાનપુરીએ પણ આ બેઠક પરથી ઉમેદવારીપત્ર ભર્યું હતું.

પટિયાલામાં ભાજપના ઉમેદવાર પ્રણિત કૌરે અને કોંગ્રેસના વડા અમરિન્દર સિંહ રાજા વોરિંગે પણ લુધિયાણાથી ઉમેદવારીપત્ર ભર્યું હતું. બિહારમાં પાટલિપુત્રથી આરજેડીના ઉમેદવાર મિસા ભારતીએ પણ ઉમેદવારી નોંધાવી હતી. તેમની સામે ભાજપના રામક્રિપાલ યાદવ લડી રહ્યા છે. સાતમા અને અંતિમ તબક્કા માટે ઉમેદવારી નોંધાવવાનો આવતીકાલે અંતિમ દિવસ છે.

## CBSE Result

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ- CBSE એ આજે ધોરણ 10 અને 12નું પરિણામ જાહેર કર્યું છે. CBSEએ જણાવ્યું હતું કે, બારમા ધોરણનું 87.98 ટકા અને દસમા ધોરણનું 93.60 ટકા પરિણામ જાહેર થયું છે અને ગયા વર્ષે કરતા 0.65 ટકા વધુ પરિણામ આવ્યું છે.

આ પરીક્ષામાં 24 હજારથી વધુ ઉમેદવારોએ 95 ટકાથી વધુ ગુણ મેળવ્યા છે અને 1 લાખ 16 હજારથી વધુ વિદ્યાર્થીઓએ 90 ટકાથી

વધુ ગુણ મેળવ્યા છે. આ વખતે વિદ્યાર્થીઓ કરતા 6.40 ટકા વધુ વિદ્યાર્થીનીઓ ઉત્તીર્ણ થઈ છે.

સીબીએસઇએ જણાવ્યું છે કે, ધોરણ- 12 ની પરીક્ષા માટે કોઈ મેરિટ યાદી જાહેર કરવામાં આવશે નહીં. બોર્ડે www.cbseresults.nic.in, www.cbse.gov.in તેમજ ડિજીલોકર અને ઉમંગ એપ્સ સહિતની વેબસાઇટ્સ પર ધોરણ 10નું પરિણામ પણ જાહેર કર્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા છે. એક સોશિયલ મિડીયા પોસ્ટમાં તેમણે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓની સિધ્ધિ અને તેમની સમર્પિતતા બદલ તેઓ ગર્વ અનુભવે છે. વધુમાં તેમણે કહ્યું કે, આ પરિણામ વિદ્યાર્થીઓની યાત્રાનો માત્ર એક પડાવ છે. શ્રી મોદીએ વિદ્યાર્થીઓને તેમને જે કામમાં રસ પડે તેનાં પર ધ્યાન કેન્દ્રીત કરવાની સલાહ આપી છે.

# EVE-SONOWAL-IRAN

ભારત અને ઇરાને આજે ઇરાનમાં ચાબહાર સ્થિત શહીદ બેહશ્તી બંદરની કામગીરી માટે લાંબા ગાળાનાં કરાર પર હસ્તાક્ષર કર્યા છે.. ઇન્ડિયા પોર્ટસ ગ્લોબલ લિમિટેડ અને ઇરાનના બંદર અને દરિયાઇ સંગઠન વચ્ચે થયેલી સમજૂતી પ્રસંગે કેન્દ્રીય બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી સોનોવાલે જણાવ્યું હતું કે, આ સમજૂતીથી ચાબહાર બંદર પર ભારતની લાંબા ગાળાની કામગીરી માટેનો પાયો નંખાયો છે.

આ કરારથી ભારતને ઓમાનના અખાતમાં ઈરાનના કિનારે આવેલા ચાબહાર બંદરનો લાંબા સમયગાળા માટે ભાડાપટ્ટે વપરાશ કરવાની પરવાનગી મળશે. આનાથી, પાકિસ્તાનનાં કરાચી તેમજ ગ્વાદર બંદર બાયપાસ થઈને ઈરાનના માર્ગે દક્ષિણ અને મધ્ય એશિયા વચ્ચે નવો વેપાર માર્ગ પણ મોકળો થશે. આ કરાર વેપારીઓને સંવેદનશીલ અને વ્યસ્ત પર્શિયન ખાડી અને હોર્મુઝની ખાડીમાંથી વૈકલ્પિક પરિવહન માર્ગ શોધવાનો માર્ગ મોકળો કરશે.

લોકસભા ચૂંટણી વચ્ચે શ્રી સોનોવાલની આ મુલાકાત ચાબહાર બંદરને ભારતે આપેલા મહત્વ પર ભાર મૂકે છે.

# MAHA.--NAXALITES-KILLED

મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાં સલામતી દળો સાથેની અથડામણમાં બે મહિલા સહિત ત્રણ નક્સલવાદીઓ માર્યા ગયા છે.. પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ નિલોત્પલે જણાવ્યું હતું કે, પેરિમિલી દાલમના કેટલાંક સભ્યોએ ભાંગફોડ પ્રવૃત્તિ કરવાનાં ઇરાદે ભામ્રાગઢ તાલુકાનાં કત્રાંગટ્ટાગામ પાસેનાં જંગલમાં પડાવ નાખ્યો હોવાની ગુપ્તચર બાતમી મળી હતી. આ બાતમીને પગલે એએસપી યતિશ દેશમુખનાં વડપણ હેઠળ સી-60 જવાનોનાં બે એકમને નકસલ વિરોધી પ્રવૃતિ હાથ ધરવા રવાના કરવામાં આવ્યા હતા.

આ વિસ્તારમાં પોલિસે શોધખોળ અભિયાન હાથ ધરી ત્યારે નક્સલવાદીઓએ તેમનાં પર ગોળીબાર કર્યો હતો. જવાબમાં જવાનોએ પણ ભારે ગોળીબાર કરતાં બે મહિલા અને એક પુરુષ નક્સલવાદીનાં મૃત્યુ

થયા હતા. ઘટના સ્થળેથી ત્રણ ઓટોમેટિક શસ્ત્રો, 1 એકે-47રાઇફલ, 1 કાર્બાઇન અને 1 ઇન્સાસ રાઇફલ મળી આવી હતી. પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ નિલોત્પલે જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં નક્સલ વિરોધી અભિયાન તેજ કરવામાં આવ્યું છે.

દરમિયાન, આજે છત્તીસગઢના બીજાપુરમાં સલામતી દળોએ 14 માઓવાદીઓની ધરપકડ કરી હતી.

# WORLD-FOOTBALL-DAY

સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ 25મેને વિશ્વ ફુટબોલ દિવસ તરીકે જાહેર કર્યો છે. ન્યૂયોર્કમાં સામાન્ય સભાની 80મી ખુલ્લી બેઠકમાં આ અંગેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે.. પ્રથમ આંતરરાષ્ટ્રીય ફુટબોલ ટુર્નામેન્ટને 2024માં 100 વર્ષ પૂરા થયા છે. 1924માં પેરિસમાં યોજાયેલા સમર ઓલિમ્પિકમાં તમામ દેશોએ પ્રતિનિધિત્વ કર્યું હતું. આજે 193 સભ્યોની સામાન્ય સભામાં સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

સંયુક્ત રાષ્ટ્રમાં લિબિયાના કાયમી પ્રતિનિધી તાહેર એમ અલ-સોન્નીએ વિકાસ અને શાંતિ માટે રમતગમત વિષય હેઠલ આ ઠરાવનો મુસદ્દો રજૂ કર્યો હતો. ત્યારબાદ સામાન્ય સભાએ 25મે ફુટબોલ દિવસ તરીકે જાહેર કર્યો હતો.